
તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯૨ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; ભાદરવા વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
22



# હવે સામાન્ય બજેટમાં રેલવે બજેટ સામેલ

## સામાન્ય બજેટમાં રેલવે બજેટને મર્જનો અંતે ઐતિહાસિક નિર્ણય : ૯૨ વર્ષથી અલગરીતે રેલવે બજેટને રજૂ કરવાની પરંપરાનો આખરે અંત આવ્યો : યોજના-બિનયોજના ખર્ચમાં સરકારી ખર્ચને વર્ગીકૃત નહીં જ કરાય



નવી દિલ્હી,તા. ૨૧

કેન્દ્રીય કેબિનેટે આજે ઐતિહાસિક નિર્ણય કરીને રેલવે બજેટને સામાન્ય બજેટની સાથે રજૂ કરવાને લીલીઝંડી આપી દીધી હતી. સામાન્ય બજેટમાં રેલવે બજેટને મર્જ કરવાની મોદી સરકારે ઐતિહાસિક કર્યા બાદ રાજકીય વર્તુળોમાં આજે આની ચર્ચા રહી હતી. આની સાથે જ રેલવે બજેટ હવે અલગથી રજૂ કરવામાં આવશે નહીં. કેબિનેટે આજે રેલવે બજેટને સામાન્ય બજેટમાં મર્જ કરવાને લીલીઝંડી આપી હતી. કેબિનેટની આ બેઠક નાણામંત્રી અરુણ જેટલીએ પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે, આગામી વર્ષથી રેલવે બજેટ અલગથી રજૂ કરવામાં આવશે નહીં. જો કે, રેલવેની પોતાની અલગ ઓળખ યથાવતરીતે રહેશે. જેટલીએ કહ્યું હતું કે, રેલવે સંબંધિત તમામ પ્રસ્તાવ સામાન્ય બજેટમાં સામેલ કરાશે. બજેટ પ્રક્રિયા ૩૧મી માર્ચથી પહેલા પૂર્ણ કરી લેવામાં આવશે. બજેટ રજૂ કરવાની તારીખનો નિર્ણય વિધાનસભાની ચૂંટણીની તારીખને ધ્યાનમાં લઈને કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં પોલીસમાં ભરતી થવા યુવાનો ઉત્સુક

શ્રીનગર,તા. ૨૧

જમ્મુ કાશ્મીરમાં પોલીસમાં ભરતી થવા માટે યુવાનો ઉમટી પડ્યા છે. હાલમાં પોલીસ અને સેનામાં ભરતી થઈને યુવાનો દેશની સેવા કરવા માટે તૈયાર છે. કટ્ટરપંથી હુરિયત લીડર સૈયદ અલી શાહ ગિલાનીની અપીલની કોઈ અસર દેખાઈ રહી નથી. સેંકડો યુવાનો પોલીસમાં ભરતી થઈ રહ્યા છે. પોલીસ ભરતી પરીક્ષાને પાસ કરવા માટે તૈયાર છે.

## તમામ ટ્રેનોમાં બાયોટોઈલેટ મુકવા સક્રિય વિચારણા



નવી દિલ્હી,તા. ૨૧

નરેન્દ્ર મોદી સરકાર ભારતીય રેલવેની સ્થિતીને સુધારવા અને તેને વધારે લોકલક્ષી બનાવવાની દિશામાં સતત પ્રયાસ કરી રહી છે. જેના ભાગરૂપે જુદા જુદા ટાર્ગેટ નક્કી કરવામાં આવી રહ્યા છે. હવે તમામ યાત્રી કોચમાં જુના શૌચાલયોને વર્ષ ૨૦૨૦-૨૧ સુધી દુર કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. તમામ ટ્રેનોમાં બાયોટોઈલેટ બનાવવાની મહત્વકાંક્ષી યોજના સરકાર ધરાવે છે પરંતુ કાર્યક્રમને યોગ્ય રીતે અમલી બનાવવા માટે સતત પ્રયાસ જરૂરી છે. આ યોજના હેઠળ રેલવેએ પર્યાવરણને અનુકુળ જૈવ શૌચાલય અથવા તો બાયોટોઈલેટ ટ્રેનોમાં ગોઠવી દેવાનો નિર્ણય કર્યો છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે હજુ સુધી ટ્રેનોમાં રહેલા ૧૭૩૩૮ શૌચાલયોને બદલી દેવામાં આવ્યા છે. રેલવેની યોજના તમામ ડબ્બામાં બાયોટોઈલેટ સ્થાપિત કરવાની છે. હાલમાં ટ્રેનોમાં શૌચાલયના કારણે રેલવે ટ્રેકને ભારે નુકસાન થાય છે સાથે સાથે ગંદકી ફેલાય છે. હવે બાયો ટોઈલેટ બનાવવામા આવશે જેના કારણે ટ્રેક પર કોઈ નુકસાન થશે નહી. બાયો ટોઈલેટને શૌચાલયની નીચે ગોઠવવામાં આવે છે.

# પાકિસ્તાન પર વળતા પ્રહાર માટે તખ્તો તૈયાર

## સુરક્ષા કેબિનેટની બેઠકમાં ત્રણ મોરચા ઉપર પ્રહારનો નિર્ણય : રાજદ્વારી, રાજકીય અને લશ્કરી મોરચા ઉપર પાકિસ્તાનની સામે કાર્યવાહી કરવાનો તખ્તો તૈયાર : પાકિસ્તાનને યુએનમાં તેની ભાષામાં જવાબ અપાશે



નવી દિલ્હી,તા. ૨૧

જમ્મુ કાશ્મીરના ઉરીમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા કરવા માટે આજે સુરક્ષા અંગેની કેબિનેટની બેઠક પણ મળી હતી જેમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજાયેલી આ બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહ, નાણામંત્રી અરુણ જેટલી, સંરક્ષણ પ્રધાન મનોહર પારીકર, વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, એનએસએ અજીત દોભાલ સામેલ થયા હતા. આ બેઠકમાં પાકિસ્તાનને ત્રણેય બાજુથી ઘેરવાની રણનીતિ નક્કી કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર રાજદ્વારી, રાજકીય અને લશ્કરી એમ ત્રણેય મોરચા ઉપર પાકિસ્તાનની સામે કાર્યવાહી કરવા જઈ રહી છે. રાજકીય સ્તર પર પાકિસ્તાનને ઘેરવાની રણનીતિ અમલી બનાવી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



શહેરનું નવું પિકનીક સ્પોટ - સંતસરોવર હવે શહેરનું નજરાણું બન્યું છે... સાબરમતી નદીમાં પાણી છોડાતા સંતસરોવર છલકાયું અને શહેરીજનોમાં આનંદ-ઉલ્લાસ પ્રગટ્યો એ ઘટના હવે ચિરંજીવ બનવા જઈ રહી છે... શહેરના પાદરમાં સંત સરોવરના કિનારે હરવા-ફરવા માટે અને પ્રાકૃતિક વૈભવ માણવાનો હોટફેવરીટ સ્પોટ તરીકે ઉપસી રહ્યું છે.

# ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે આજથી કાનપુરમાં રોમાંચક ક્રિકેટ ટેસ્ટ

કાનપુર,તા. ૨૧

જેની ક્રિકેટ પ્રેમીઓ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ આવતીકાલથી કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમ ખાતે શરૂ થઈ રહી છે. આ મેદાનમાં અનેક ઈતિહાસ રહેલા છે. કેટલાક રેકોર્ડ પણ રહેલા છે. જેથી આ મેદાન ફરી એકવાર ઈતિહાસ બની શકે છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ મેદાનમાં ઉતરનાર છે. ભારત માટે સારી બાબત એ છે કે ભારતમાં રમાયેલી છેલ્લી ૧૦ ટેસ્ટ પૈકી તમામના પરિણામ રહ્યા છે. જે પૈકી ભારતે નવમાં જીત મેળવી છે. કેન વિલિયમસનના નેતૃત્વમાં પણ કેટલાક સ્ટાર ખેલાડી રહેલા છે. જેમાં ગુપ્ટિલ, રોસ ટેલર, વિલિયમસન પોતેનો સમાવેશ થાય છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય સ્ટાર બેટ્સમેન પર તમામની નજર રહેશે. આ ટેસ્ટ મેચમાં રવિચંદ્રન અશ્વિનને વધુ એક રેકોર્ડ હાસલ કરવાની તક રહેલી છે. અશ્વિન આ સિદ્ધિ મેળવી લે તેમ માનવામાં આવે છે. તે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપથી ૨૦૦ વિકેટ લેવાની સિદ્ધિ મેળવનાર બોલરોની યાદીમાં આવી શકે છે. અશ્વિને આ સિદ્ધિ ઉપર પહોંચવા માટે માત્ર સાત વિકેટની જરૂર છે. જો અશ્વિન ન્યુઝીલેન્ડની સામે કાનપુરમાં આ સિદ્ધિ મેળવી લેશે તો ઓસ્ટ્રેલિયાના પૂર્વ લેગસ્પીનર ક્લેરી ગ્રીમેક બાદ સૌથી ઓછા ટેસ્ટ મુકાબલામાં ૨૦૦ વિકેટ લેનાર બીજો બોલર બની જશે. ગ્રીમેકે માત્ર ૩૬ ટેસ્ટ મેચોમાં આ સિદ્ધિ મેળવી હતી. હાલમાં ઓસ્ટ્રેલિયાના ડેનિસ લીલી અને પાકિસ્તાનના વકાર યુનુસ બીજા નંબર ઉપર છે. બંનેએ ૩૮મી ટેસ્ટ મેચમાં ૨૦૦ વિકેટની સિદ્ધિ હાસલ કરી હતી.

## મેયર પ્રવિણ પટેલ સામેના પક્ષાંતરધારા ભંગના કેસની ૨૯મીએ સુનાવણી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ સામે કરાયેલ પક્ષાંતર ધારા ભંગના કેસની સુનાવણી આગામી ૨૯મી સપ્ટેમ્બરના રોજ નામોનિર્દિષ્ટ અધિકારી સમક્ષ હાથ ધરવામાં આવશે.



ત્રણ માસથી પણ વધુ સમય પૂર્વે આ કેસ કોંગ્રેસ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલ હતો. પરંતુ નામો નિર્દિષ્ટ અધિકારી વી.બી. પટેલની બદલી થતાં આ અંગેની સુનાવણી સહિતની નોટીસ જારી કરવાની કાર્યવાહી વિલંબમાં પડી હતી.

રાજ્ય સરકારે પુનઃ વી.બી. પટેલને જ નામોનિર્દિષ્ટ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે અને આ અધિકારીએ નોટીસ જારી કરી સુનાવણી માટે ૨૯મીએ હાજર રહેવા જણાવ્યું છે.

મેયર પ્રવિણ પટેલને આ નોટીસ મળી ગઈ છે અને હવે તેઓ ૨૯મીએ તેમના કાયદા વિદ સાથે અધિકારી સમક્ષ હાજર થશે એમ તેમના નિકટવર્તી સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગરના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણા સામે પણ પક્ષાંતરધારા ભંગનો કેસ કરાયો હતો પરંતુ કોર્ટમાં તે ટકી શક્યો ન હતો. હવે મેયર પ્રવિણ પટેલ એ બીજા મેયર એવા છે જેમની સામે પક્ષાંતરધારાનો કેસ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં બન્ને વખતે ભારતીય જનતા પક્ષે પક્ષાંતરના સહારે જ સત્તા હાંસલ કરી છે તે પણ ઉલ્લેખનીય છે.

# ભાજપ રાષ્ટ્રીય પરિષદમાં વિજય રૂપાણી હાજરી આપશે

અમદાવાદ, તા.૨૦

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ભાજપની રાષ્ટ્રીય પરીષદની બેઠક રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની અધ્યક્ષતામાં તા.૨૪-૨૫ સપ્ટેમ્બરના રોજ કાલીકટ ખાતે કેરળમાં મળનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પં.દીનદયાળ ઉપાધ્યાય કે જેમણે ૧૯૬૮માં કાલીકટ, કેરળ ખાતે જ તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યાં હતા. તે જ સ્થળ ઉપર રાષ્ટ્રીય પરીષદનાં સમાપન પ્રસંગે અને પં.દીનદયાળની જન્મ શતાબ્દિ વર્ષની ઉજવણીનો શુભારંભ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તા. ૨૫ સપ્ટેમ્બર બપોરે ૩ થી ૫ વાગ્યા દરમ્યાન વિવિધ ચેનલોમાં જીવંત પ્રસારણની કરવામાં આવશે અને ગુજરાત ભાજપા દ્વારા અલગ અલગ સ્થાનો પર કાર્યકર્તાઓ સામુહિક રીતે એકત્રિત થશે.

ટીવી ચેનલ કે સોશીયલ મિડીયાના માધ્યમથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રવચન બાદ પં.દીનદયાળ ઉપાધ્યાયજીના ફોટાને કાર્યકર્તાઓ દ્વારા પુષ્પાંજલી આપવામાં આવશે. ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી મુખ્યમંત્રી વિજય રૂપાણી અને મંત્રીમંડળના સભ્યઓ, પ્રદેશ પ્રમુખ, જીતુભાઈ વાઘાણી અને પ્રદેશ મહામંત્રીઓ, તેમજ તમામ સંસદસભ્યઓ અને ૨૬ લોકસભા સીટમાંથી એક પ્રતિનિધી રાષ્ટ્રીય પરીષદનાં સભ્ય તરીકે કાલીકટ ખાતે કેરળની મીટીંગમાં ભાગ લેશે.

**સ્વતંત્ર બંગલો ભાડે / વેચાણ આપવાનો છે**
લાઈટ, ગેસ, પાણીની ૨૪ કલાક સગવડવાળો 4BHK, ૨૮૩ વારના પ્લોટમાં ૩૦૦ વારના બાંધકામ સાથે, ગાર્ડ સાથે, સ્વતંત્ર બંગલો
બી-૧, શાન્તમ્ સોસાયટી, ગાંધીનગર-પેથાપુર રોડ, પેથાપુર
સંપર્ક : ૯૮૨૪૦ ૦૩૦૧૨, ૯૮૨૫૦ ૨૯૨૦૪

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

**VAIBHAV FURNISHINGS INC.**
RETAIL SHOWROOM & FACTORY OUTLET



DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

REQUIRED
STOCK MARKET LEADER FOR NEW OFFICE
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 1 Post
0 to 3 yrs experience.
Deserving candidate will get best salary package.
Walk with full CV.
F-13 & 14, Megh Malhar, Sec.11, Opp. CNG Pump, G'nagar.
M. : 9974703401
mail : bestboi123@gmail.com

'નવરાત્રિ' બુકીંગ ચાલુ
૧૫૦૦ રૂ.ના એડવાન્સ બુકીંગ પર ૯ દિવસ ચણિયાચોળી / કે.ધોતી ભાડે મળશે.
વહેલા તે પહેલાના ધોરણે વેચાણ પણ ચાલુ છે.
બીઝનેસ વેચવાનો છે - ખરીદવા ઈચ્છતા તાત્કાલિક સંપર્ક કરે.
વંદના ભટ્ટ
૯૯૯૮૫૩૧૭૭૦/ ૯૪૨૬૮૭૧૩૦૯

**શ્રદ્ધાદીપ ગ્રીન ક્રોસ પેથોલોજી લેબોરેટરી**
સેક્ટર-૧૬ અને સેક્ટર-૭
ફોન નં. ૨૩૨-૨૨૪૭૪, ૨૩૨૨૨૯૦૦
ડેન્ગ્યુ અને ચીકનગુનિયાના ટેસ્ટ
ELISA (એલઈજા)થી જ કરાશે
દરરોજ સવારે ૧૦-૦૦ કલાકે
દરરોજ બપોરે ૦૩-૦૦ કલાકે
બેચ મુકવામાં આવશે.
નોંધ : કાર્ડ ટેસ્ટ, રેપીડ ટેસ્ટ અને પેપર ક્રોમેટોગ્રાફીથી કરેલ ટેસ્ટના રીપોર્ટ ૧૦થી ૧૫ મિનિટમાં મળે છે, જે સાચા નિદાનને ગેરમાર્ગે દોરે છે.